**ક્રિમીનલ કેસ નં –5666–23**

**<u>આંક: ૧ લગત હુકમ</u>**

૧) આ કેસનું રેકર્ડ વંચાણે લીધુ. સદરહુ કેસ દાખલ થયા બાદ નામ. કોર્ટ દવારા આરોપીને તેમના સરનામે વારંવાર પ્રોસેસ કાઢવામાં આવેલ વધુમાં આરોપી સામે જે ગુનાનો આરોપ છે તે સમન્સ ટ્રાયેબલ ગુનો છે. સદર કામના આરોપી સામે વખતો વખત પ્રોસેસ કાઢવામાં આવેલ પરંતુ આરોપીને પ્રોસેસ કોઈપણ કારણોસર બજે કે વગર બજે પરત આવેલ નથી. જેથી આરોપી સામેની કાર્યવાહી વધુ સમય ચાલુ રાખવી વ્યાજબી જણાતી નથી જેથી ફોજદારી કાર્યવા<u>હી સંહીતાની કલમ –૨૫૮</u> વંચાણે લેતાં હાલના કેસમાં આરોપીને પ્રોસેસ બજતો ન હોય આરોપી સામેની કાર્યવાહી સ્થગિત કરવી વ્યાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ//**

૧) આ કામના આરોપી ની સામેની કાર્યવાહી **ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૮** અન્વયે સ્થગિત કરવામાં આવે છે અને કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં જો આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તો ફરીયાદપક્ષનો કેસ રી– ઓપન કરાવી શકશે.

૨) આ કામે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો અપીલ સમય વિત્યેથી નાશ થવાને પાત્ર મુદ્દામાલનો નાશ કરવો અને કિમતી મુદ્દામાલ હોય તો તેને સરકાર ખાતે ખાલસા કરવો એન જે મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોંપવાનો હુકમ કરેલ હોય તેને બીનશરતી રીતે કાયમી કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨ મી માહે જુલાઈ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી સંભળાવી જાહેર કર્યો..

તા. ૧૨/૦૭/૨૦૨૫

**(શ્રીકાંત શર્મા)**
**સાતમા એડી ચીફ જ્યુડી મેજી.**
**અમદાવાદ(ગ્રા) નવરંગપુરા**
**કોડ નં– જીજે ૦૧૩૬૭**